dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

November 2014 | For private circulation only | Vol. 06 - Issue 141

સાચું શિક્ષણ એ તો જામગરી રૂપ હોવું જોઈએ. એ જ્યાં પહોંચે ત્યાંથી અંધકાર ભાગે, માનવચેતનાને સંકોરે, માનવીય ટૂંપણાને દફનાવે, એની કૂંપમંડુકવૃત્તિને નષ્ટ કરે, એને સમુદાર બનાવે. જે શિક્ષણ માનવને નવી આંખ ન આપી શકતું હોય, નવા કાન ન આપી શકતું હોય, નવું હૃદય ન આપી શકતું હોય એ શિક્ષણ જ નથી.

**પ્રવીણ દરજી**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

શિક્ષણનો વિકાસ ત્યારે જ થાય જ્યારે શિક્ષણના બધા જ અંગો તંદુરસ્ત હોય અને કાર્યદક્ષ હોય. વળી, તે સમજણપૂર્વક પરસ્પરના સહયોગથી વર્તે તે ય જરૂરી છે. શાળા-મહાશાળા-કોલેજ-યુનિવર્સિટીનું મકાન અદ્યતન સુવિધાવાળું હોય, તાલીમબધ્ધ જીવનરસથી છલકાતા અને શ્રધ્ધાપૂર્વક વર્તતા શિક્ષકો-કર્મચારીઓ હોય, પોતાની ભાષાના-ભારતીય ભાષાના-દેશવિદેશના શ્રેષ્ઠ પુસ્તકોથી સંપન્ન પુસ્તકાલય હોય, જ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર ખેવના ધરાવતા અને આકાશને આંબવા મથામણ કરતા વિદ્યાર્થીઓ હોય, રળિયામણું કેમ્પસ હોય, ટ્રસ્ટ મૂકી શકાય એવા ટ્રસ્ટીઓ હોય ને સરકારનું માર્ગદર્શન હોય તે જરૂરી છે. આ બધામાંથી કોઈ એક અંગ વધુ વિકાસ પામ્યું હોય ને બાકીના અર્ધવિકસિત કે અવિકસિત હોય તો ન ચાલે. કોઈ પણ શૈક્ષણિક સંસ્થાની ગતિ કે પ્રગતિ તેના આંતરિક અને બાહય વાતાવરણ પર નિર્ભર છે. વાતાવરણ ભાવાવરણ બને તે મહત્વનું છે. શાળા-મહાશાળા-કોલેજના વર્ગખંડો સ્વચ્છ હોવા જોઈએ. બેઠકવ્યવસ્થા સુવિધાપૂર્ણ હોવી જોઈએ અછડતી દ્રષ્ટિ નાંખીશું તો ય જોવા મળશે કે ઘણી સંસ્થાઓના વર્ગખંડની દીવાલો કાબરચીતરી થયેલી છે. ખુરશી-ટેબલ નીચે જાળાં બાઝી ગયેલાં હોય છે. કોઈને નવાઈ થાય પણ પંખાની પાંખો ખરેખર કયા રંગની હશે? તે ક્યારેક તો ખબર નથી પડતી. સ્ટાફરૂમ તો સૌનો એટલે એની સ્વચ્છતાની જવાબદારી તો કોઈની ય નહીં એવી ગેરસમજ પ્રવર્તતી હોય છે. ક્યારેક તો કોઈ સંસ્થાની દિવાલો સ્વયં જ સંસ્થાના હાલ બયાઁ કરતી જોવા મળે છે. પોતાની સંસ્થા બીજી સંસ્થા કરતાં કેવી રીતે નોખી ભાત પાડે તેવો વિચાર ન આવે તે પગારને લાયક ન ગણાવો જોઈએ. શિક્ષણ એક મહાવ્રત છે તેમ તેની સાથે જોડાયેલ તમામે સમજવું જોઈએ. પોતાની તમામ શકિત, પોતાની તમામ બુધ્ધિ, પોતાની તમામ સમજણ ક્રિયાશીલ કરવી જોઈએ. પોતાની સંસ્થાના વિકાસમાં પોતાનું ય યોગદાન છે એવો સંતોષ નાની બાબત નથી.

રામાયણમાં એક પ્રસંગ વર્ણવવામાં આવ્યો છેઃ રાવણ સીતાજીને ઉપાડીને લંકા લઈ ગયો. રાવણના પંજામાંથી સીતાજીને છોડાવવા માટે રામે લંકા ઉપર પોતાની સેના સાથે ચડાઈ કરી. સમગ્ર સેના સમુદ્ર ઉપર સેતુ બાંધવાના કામમાં લાગી ગઈ. આકાશમાંથી સૌ દેવતાઓએ પુષ્પ વર્ષા કરી. સમુદ્ર ઉપર સેતુ બંધાઈ રહયો છે તે વાત નાનકડી ખિસકોલીએ સાંભળી. ખિસકોલી સમુદ્રકિનારે પહોંચી ગઈ અને કામે લાગી ગઈ. સમુદ્રના પાણીમાં પૂંછડી બોળે પછી ભીની પૂંછડીને રેતીમાં નાંખે. થોડી રેતી ચોંટી જાય એટલે સમુદ્રના પાણીમાં જાઈને પછી પૂંછડી બોળી આવે. સીતાને છોડાવવાના કાર્યમાં એ પણ ભાગીદાર થવા ઈચ્છતી હતી. સંસ્થાના સૌ કોઈના હૃદયમાં આવો ખિસકોલી ભાવ જાગવો જોઈએ. કેવળ જ્ઞાન કોરું છે. જ્ઞાનની સાથે વિવેક જન્મે ત્યારે જે તે વ્યકિત અને તેની સાથે તે જ્યાં કામ કરે છે તે સંસ્થાની આગવી ઓળખ ઊભી થાય છે. પ્રત્યેક વ્યકિત પાસે સામર્થ્ય છે. એ સામર્થ્યને યોગ્ય માર્ગે ક્રિયાન્વીત કરવાની જરૂર હોય છે. સંસ્થાના સંચાલકો કે વડાઓએ પણ નોખી રીતે ભાતે વિનમ્રપૂર્વક જાત નીચોવતા કર્મચારીઓની પીઠ થાબડવી જોઈએ. વારંવાર એના કામની કદર કરવી જોઈએ. જાહેરમાં તો ખાસ કદર કરવી જોઈએ. કર્મચારીએ ઈરાદાપૂર્વક ન કરી હોય તેવી માનવીય ભૂલોને ડસ્ટબીનમાં નાખી એની સાથે સારો વ્યવહાર કરવો જોઈએ. ઘણીવાર એવું જોવા મળ્યું છે કે, કર્મચારીને જે કામ સોંપવામાં આવ્યું છે તદ્ઉપરાંત તેનામાં વિશેષ આવડત પડેલી હોય છે. એવું બને કે સેવકનું કામ કરનાર એક વ્યકિત સારો ચિત્રકાર કે સારો તબલાવાદક હોઈ શકે. કલાર્કની જવાબદારી સંભાળનાર વ્યકિત સારો એનાઉન્સર હોઈ શકે! ગણિત ભણાવનાર શિક્ષક કે અધ્યાપકને રમતગમતમાં રસ હોય. આવા વિશેષ પ્રતિભાવાન કર્મચારીઓને એમના રસના ક્ષેત્ર સાથે જોડવાથી એમનો ઉત્સાહ બેવડાતો હોય છે. કર્મચારીમાં શુષુપ્ત પડેલી સર્વોત્તમ સંભવિતતાઓને જાગૃત કરવાનું અને વિકસાવવાનું કામ જે તે વડાઓનું છે. ટૂંકમાં સૌ કોઈએ ધગશ અને કાર્યહોંશ કેળવી સંસ્થાના વિકાસમાં પોતાનો ફાળો આપી આત્મસંતોષ કેશ કરી લેવો જોઈએ.

તા. ૧૫ નવેમ્બર, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## વ્યાખ્યાન

યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગના ઉપક્રમે ડૉ. દમયંતીબેન પરમારના અધ્યક્ષપદે ડૉ. શરીફાબેન વીજળીવાળાનું “વિભાજન” વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં પ્રા. ડૉ. વીજળીવાળાએ વિભાજનની ભૂમિકા સમજાવી, વિભાજનને કેન્દ્રમાં રાખી ‘વિભાજનની વાર્તાઓ’ અને ‘આધા ગાંવ’ નવલકથાનું રસદર્શન કરાવ્યું હતું. વિભાજનના પાયામાં પડેલ રાજનૈતિક, ધાર્મિક, સામાજિક અને આર્થિક પરિબળોની ગંભીરતાપૂર્વક ચર્ચા કરી હતી. સાંસ્કૃતિક અને મનોવૈજ્ઞાનિક અભિગમથી ‘આધાગાંવ’ નવલકથાને એમણે મૂલવી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. મુકેશ વસાવાએ અને આભાર વિધિ પ્રા. ડૉ. મનીષ પટેલે કરી હતી.

## આરોગ્ય

તા. ૧૯-૯-૧૪ના રોજ યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા કિડની અંગે આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં IRF શ્રી સુભાષભાઈ તથા MSW વિભાગની વિદ્યાર્થિનીઓ પ્રતિક્ષા, તૃપ્તી દ્વારા ‘Save life’ પ્રોજેક્ટ અંતર્ગત “કીડનીનાં રોગો”, સમસ્યા, કારણો અને તેના ઉપાયો વિષે પ્રોજેક્ટર દ્વારા પ્રશ્નોત્તરીના માધ્યમથી સચિત્ર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## સ્પર્ધા



મોહનલાલ સુખડિયા યુનિવર્સિટી, ઉદયપુર મુકામે આંતર યુનિવર્સિટી વોલીબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે તથા બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયા અને આચાર્યશ્રી ઈશ્વરભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી મેહુલ ગાંધીએ કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી કેતન નિઝામાએ સેવા આપી હતી. ટીમ : ૧) બુન્કી રાજ જે., ૨) ગોહીલ હર્ષ સી., ૩) પટેલ દિવ્યેશ ડી., ૪) બુદેલા જૈનિશ કે., ૫) પટેલ પ્રાર્થ ડી., ૬) પેટ્રો વિશાલ બી., ૭) પટેલ કુજંલ પી., ૮) રાજપુત કરણ કે. ૯) કાપડિયા મા. ઉબાઈડ આઈ., ૧૦) પટેલ હિમાંશુ એમ., ૧૧) પઠાણ ફયાઝ આઈ., ૧૨) ગામીત ફિલીસ્પ વી.



એમ. જી. યુનિવર્સિટી, કોટાયામ મુકામે આંતર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી રેસ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન શ્રી કિરીટસિંહ વાંસદીયાએ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી ગામીત યુસુફે કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી સંજય ગામીતે સેવા આપી હતી. ટીમ : ૧) મોકાસી અરવિંદ એસ., ૨) મુરા રમેશ એસ., ૩) પવાર અજય બી., ૪) ગુપ્તા સંજય કે., ૫) દાદવ હિરામન કે., ૬) ગામીત રાહુલ ડી., ૭) ગામીત ફારાન્સીસ એમ., ૮) ગવિત શાંતિલાલ એ., ૯) કુ. જાદવ ચંદ્રીકા આર., ૧૦) કુ. પાદેર વર્ષા એલ., ૧૧) કુ. ગામીત ઉર્મિલા ડી., ૧૨) કુ ગામીત હિના એસ., ૧૩) કુ. ગવલી સરસ્વતી એસ., ૧૪) કુ. પટેલ ઝીનલ એન.

## M. Phil.

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat.

**ECONOMICS**

1 Dhimmar, Kaushikabahen Gopalbhai. **Marghapalan vyavshay aavak, kharch ane jivandhoran (Navsari jillanaa marghafarm chalavta malikonaa sandarbhmaa ek abhyash).** (Dr. Sanjay M. Patel), Assistant Professor, Department of Economics, Govt. Arts & Commerce College, Khergam, Chikhli. (20-3-2014).

2 Kantharia, Nikita Manilal. **Study of human development indicator in surat district.** (Dr. K. S. Chavda), Assistant Professor, Smt. Kusumben Kadakiya Arts and Commerce College, Ankleshwar. (13-12-2013).

**ENGLISH**

1 Chauhan, Prashantkumar Mafatlal. **English for biotechnology : Designing an ESP syllabus for biotechnology course at vnsgu, surat.** (Dr. Mahesh Kumar Dey), Professor, Department of English, Veer Narmad South Gujarat University, Surat. (17-4-2014).

**GUJARATI**

1 Parmar, Manjulaben Ishwarbhai. **Dalitvimarsh sandarbhe gujarati navalkathakar Josef Macwanni navalkathao : Ek abhyash.** (Dr. Mahipatsinh Ravalji), Assistant Professor, M. K. Commerce College, Bharuch. (28-3-2014).

2 Parmar, Sarasvati Amidaskarabhai. **Harish**

**mangalamni navalkathaomaa dalitchetna ek abhyash".** (Dr. Nareshbhai Vaghela), Assistant Professor, Department of Gujarati, Arts & Commerce College, Sarbhan. (28-3-2014).

**HISTORY**

1 Patel, Devyanibahen Chimanlal. **Navsari jillani naykajatino abhyash : Ek aitihashik adhyayan.** (Dr. B.G.Desai), Assistant Professor, Arts, Science & Commerce College, Kholwad. (11-2-2014).

2 Pawar, Rajeshkumar Vishwanathbhai. **Swadhyay pravutti dhvara mandvi talukanaa aadivashiomaa aavel samajik, shaikshanik ane aarthik parivartano (Year 1920 thi 2005) – Ek aitihashik adhyayan.** (Dr. B.G.Desai), Assistant Professor, Arts, Science & Commerce College, Kholwad. (11-2-2014).

**HUMAN RESOURCE DEVELOPMENT**

1 Desai, Priti Satishkumar. **A study on job satisfaction of teachers in L. P. Savani group of school, surat.** (Dr. Digvijaysinh Thakore), Associate Professor, Department of Human Resource Development, Veer Narmad South Gujarat University, Surat. (2-1-2014).

2 Shah, Rajiv Bharatkumar. **Job satisfaction among HR professional.** (Dr. Kiran Pandya), Professor & Head,Department of Human Resource Development, Veer Narmad South Gujarat University, Surat. (2-1-2014).

**MANAGEMENT**

1 Desai, Rajeshkumar Raghavbhai. **Low costhousing in surat : A study of the views of the stakeholders.** (Dr. Renuka Garg), Professor & Head, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat. (13-1-2014).

**MATHEMATIC**

1 Thakker, Chintan Dilipkumar. **Mathematical modeling : The spread of AIDS caused by co-infection of HIV with TB.** (Dr.A.A.Shaikh), Assistant Professor, The Patidar Gin Science Collage, Bardoli. (7-2-2014).

**PHYSICS**

1 Patel, Architaben Bipinchandra. **Studies of thermal & electrical properties of bismuth – cadmium (BI-CD) bismuth – lead (BI-PB) & lead – cadmium (PB-CD) binary alloys grown by zone – refining technique.** (Dr. I. B. Patel), Associate Professor, Veer Narmad South Gujarat University, Surat. (07-2-2014).

**PSYCHOLOGY**

1 Tandel, Bharatkumar Mohanlal. **Valsad jillanaa prathmik adhyayan mandiromaa talimi prashikshanarthionaa shikshan sambandhit manovalan tatha netrutvatarah pasandgino tulnatmak abhyash.** (Dr. Ashwinbhai C. Sharma), Assistant Professor, S. B. Garda College Arts & P. K. Patel College of Commerce, Navsari. (31-1-2014).

**SANSKRIT**

1 Parmar, Hinaben Dilipbhai. **Kavi mathuradaskrut 'Vrushabhanuja' – Ek samixatmak adhyayan.** (Dr. Ajay C. Patel), Assistant Professor, Smt. C.D.J. Rofel Arts & Smt. I.S.R.A. Rofel Commerce College, Vapi. (8-1-2014).

2 Tandel, Bipinkumar Sumanbhai. **Kavi mahopadhyay shri harihar virchit 'shankhparabhav vyayog krutinu ek adhyayan'.** (Dr. Binduben C. Patel), Assistant Professor, Smt. J. P. Shroff Arts College, Valsad. (13-12-2013).

# કોલેજ ન્યૂઝ

## ઊજવણી

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં તા/૫/૯/૧૪ના રોજ એન.એસ.એસ.ના ઉપક્રમે શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ આચાર્યશ્રી તથા અધ્યાપકોની ભૂમિકા ખુબ સફળતાપૂર્વક નિભાવી હતી. જ્ઞાન સપ્તાહ દરમ્યાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ જેવી કે શીઘ્ર વકતૃત્વ, વકતૃત્વ, નિંબધ લેખન, વર્ગ સુશોભન, પર્યાવરણ બચાવો વિષય સ્લોગન, ચેસ તથા કેરમ સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોનું ઈનામ આપીને સન્માન સમારોહમાં અભિવાદન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયકે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. દક્ષાબેન ઠાકોરે કર્યું હતું. સ્ટેજ વ્યવસ્થા કુ. સોનાલી પ્રજાપતિએ સંભાળી હતી. કાર્યક્રમની પૂર્ણાહૂતિ વડાપ્રધાનશ્રીના પ્રાસંગિક સંબેધનનું જીવંત પ્રસારણ શ્રવણ કરીને કરવામાં આવી હતી. એક દિવસના આચાર્યની ભૂમિકા શ્રી વિતાન વોરએ અને ઉપાચાર્યની ભૂમિકા કુ. કલ્યાણી અશોકભાઈએ ભજવી હતી.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢામાં જ્ઞાનધારા તથા N.S.S. અંતર્ગત "શિક્ષકદિન" ની ઉજવણી થઈ. આ પ્રસંગે ૨૪ જેટલાં વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે તથા આચાર્ય તરીકે શ્રી જીગર પટેલે ભૂમિકા તરીકે તથા આચાર્ય તરીકે શ્રી ઉજગર પટેલે ભૂમિકા ભજવી. જ્ઞાનસપ્તાહ નિમિત્તે શ્રી શાહ જી.એમ.ડી. સાર્વજીનિક હાઈ. મોટાપોંઢાના નિવૃત શિક્ષક શ્રી આર.એલ.માંગેલાની ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી તથા સામાજીક કાર્યોને ધ્યાનમાં લઈ સન્માનિત કરાયા. N.S.S. કેડેટ સરસ્વતી એસ. પટેલ તથા હરેશ જી. જાબરને અનુક્રમે રાષ્ટ્રીય કક્ષાએ તથા રાજ્યકક્ષાએ શિબિરમાં ભાગ લઈ. કોલેજને ગૌરવ પ્રદાન કરવ્યું હતું તે બદલ સન્માનિત કરાયા. ઈન્ચાર્જ આચાર્યશ્રીએ પ્રાસંગિક ઉદબોધનમાં વિદ્યાર્થીઓને પ્રેરક વકતવ્ય પૂરું પાડયું. પ્રા. એ.જે. ઠાકોરે શિક્ષણ અને શિક્ષકનું મહત્વ સર્વપલ્લી રાધાકૃષ્ણન સહિત અને મહાનુભાવોના ઉદાહરણ થકી સમજાવ્યું. કાર્યક્રમનું સંચાલન ડૉ. આશા.કે.ગોહિલે કર્યુ. પ્રા. વી. એન. દેસાઈ તથા પ્રા. યુ. એમ. દેસાઈએ કાર્યક્રમની જવાબદારી નિભાવી હતી.

શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ સ્થિત સ્વામીનારાયણ સ્વરૂપ બી.એડ્. કોલેજમાં રાષ્ટ્રભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હિન્દી વિષયના આધ્યાપિકા મારવાડી સ્વાતિબેને હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. સમગ્ર દિવસની ઉજવણી સંદર્ભે વિદ્યાર્થીઓએ પ્રાર્થના હિન્દીગીત, કાવ્યપઠન, વાર્તાઓ તથા સમગ્ર દિવસ દરમ્યાન હિન્દી ભાષાનો પ્રયોગ કરીને રાષ્ટ્રભાષા પ્રત્યેની ફરજ બજાવી હતી. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. કૌશલભાઈ પારેખે હિન્દી ઉપન્યાસ 'ગોદાન' વિશે વિસ્તૃત ચર્ચા કરી હિન્દી ભાષાનું મહત્વ અને સ્થાન વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

વિવેકાનંદ કોલેજ ફોર બી. એડ્. સુરતમાં વીર કવિ નર્મદની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ઈ.આચાર્યશ્રી ડૉ.દિલીપભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ નિમિત્તે "કવિ નર્મદના વિચારો" પર "વકતૃત્વ સ્પર્ધા" "નિબંધ સ્પર્ધા" અને "પોસ્ટર સ્પર્ધા" "કાવ્યપઠન સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત "વકતૃત્વ સ્પર્ધા"માં પ્રથમ ક્રમે બેલીમ ફાઈઝા એ "કાવ્ય પઠન સ્પર્ધા" માં પ્રથમ ક્રમે પારેખ પુજા જે. દ્વિતીય ક્રમે પંચોલી ચૈતાલી એન, આ બંને સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. વલ્લભભાઈ ઠંઠે અને પ્રા. પટેલ પ્રીતિ કે.એ ભજવી હતી. ઉદઘોષક તરીકેની ભૂમિકા તાલીમાર્થી શૈલેષ જે પટેલે

કરી હતી. "નિબંધ સ્પર્ધા"માં પ્રથમ ક્રમે પટેલ મમતા એ દ્વિતીય ક્રમે ધર્મેશ વી. તથા તૃતીય ક્રમે પટેલ દિવ્યા એમ. વિજેતા બન્યા હતા. "પોસ્ટર સ્પર્ધા" માં પ્રથમ ક્રમે પટેલ સ્નેહા એ. વિજેતા બન્યા હતા. જેમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. દિલીપભાઈ પટેલ અને પ્રા. વલ્લભભાઈ ઠંઠે ભજવી હતી.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી. એડ. કોલેજ, સુરતમાં તા. ૧૩/૯/૧૪ના રોજ 'હિન્દી દિવસની' ઉજવણી પ્રસંગે કાવ્ય પઠન, ગીત હિન્દી સાહિત્યના કવિઓનો પરિચય, કબીરના દોહાનું ગાન, હિન્દી ભાષાનું મહત્વ, સ્ત્રી સશકિતકરણ નાટક, વકતવ્ય વગેરે કૃતિઓ સફળતાપૂર્વક રજૂ થઈ હતી. ઈન્ચાર્જ પ્રા.પ્રિયંકાબેન પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ઈન્ચાર્જ આચાર્યશ્રી કમલેશભાઈ ડામોરે કાર્યક્રમનો પ્રતિભાવ રજુ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન તાલીમર્થી તલાટી ઉઝમા અને માસ્તર મોંહમદ હુસેને કર્યું હતું.

બી. જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૮/૯/૧૪ના રોજ સાક્ષરતા દિન નિમિત્તે એક સાથે વાંચે કોલેજ તથા સુવિચાર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. ગ્રંથપાલશ્રી અશોકભાઈ રાઠોડે વિશ્વ સાક્ષરતા દિન વિશે પ્રાાસંગિક પ્રવચન રજૂ કર્યુ હતું. એક સાથે વાંચે કોલેજ અંતર્ગત બધા જ તાલીમાર્થીઓ તથા અધ્યાપકોએ શિક્ષણને લગતા વિવિધ પુસ્તકોનું વાચન કર્યુ હતું. સાથે યોજાયેલ સાક્ષરતાને લગતા સુવિચારોની સ્પર્ધામાં બધા જ તાલીમાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલ તથા ગ્રંથપાલશ્રી અશોકભાઈ રાઠોડે કર્યુ હતું. ગ્રંથાલય પ્રવૃતિના ભાગરૂપે તરતા પુસ્તક કાર્યક્રમમાં ૧૧ જેટલા પુસ્તકો તાલીમાર્થીઓ તેમજ અધ્યાપકો વચ્ચે તરતા મુકવામાં આવ્યા હતાં. દર મહિનાના અંતે થતો મને ગમતું પુસ્તક વાર્તાલાપ પણ યોજવામાં આવ્યો હતો.

બી. જે. પટેલ બી.એડ્., એમ. એડ્. અને બી. સી. એ. કોલેજ, બારડોલીમાં ૫મી સપ્ટેમ્બર શિક્ષકદિનની ઉત્સાહપૂર્વક ઉજવણી નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા, વકતવ્ય, સ્વયં શિક્ષણકાર્ય, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું જીવન કાર્ય, શિક્ષણ વિશેના પ્રેરણાથી પ્રસંગો વગેરે જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલ તથા સૌ અધ્યાપકશ્રીઓએ કર્યું હતું. આ જ દિવસે બી. એડ્. કોલેજના પ્રા. મનાલીબેન દેસાઈનો વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો જેમાં પ્રા. મનાલીબેને સંસ્થા વિશેના તેમના પ્રતિભાવો રજૂ કર્યા હતા. અંતે સ્ટાફ અને તાલીમાર્થીઓ દ્વારા સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી.

બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં નશાબંધી અને આબકારી ખાતુ, સુરતની નશાંબધી સપ્તાહનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ તા. ૨/૧૦/૧૪ ને ગાંધીજ્યંતિના રોજ યોજવામાં આવ્યો હતો. આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલે આમંત્રિત સૌ મહેમાનને આવકારી પરિચય આપ્યો હતો. બારડોલી નગરપાલિકાના ઈ. પ્રમુખ અને કાર્યક્રમના ઉદ્‌ઘાટક શ્રીમતી મીનાબેન ટેલરે અને ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું. આ પ્રસંગે બારડોલી તાલુકા પંચાયતના પ્રમુખ અને કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી ભારતીબેન ચૌધરી, નશાબંધી અને આબકારી અધિક્ષક સચિવ શ્રી જી.ડી. ચૌધરી, ઈન્સ્પેકટર શ્રી આર.પી સોનારા, નિયાજક શ્રી નરેન્દ્રભાઈ જોષી, ભારત એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી અને અતિથિવિશેષ શ્રી ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. સપ્તાની ઉજવણી નિમિત્તે નશાબંધીને કેન્દ્રમાં રાખીને વિવિધ સ્પર્ધા જેવી કે નિબંધ સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા તથા નાટકના વિજેતા તાલીમાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. મીનાબેન પરમારે તથા આભારવિધિ પ્રા. ઉમેશભાઈ પટેલે કરી હતી.

સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા તા. ૧૫ મી ઓગષ્ટ ૨૦૧૪ ના દિવસે ૬૮માં સ્વાતંત્ર્યપર્વની ઉજવણી પ્રસંગે મુખ્ય અતિથિ એવા ડૉ. મીનાબેન કાલરા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું સાથે રાષ્ટ્રગીતનું સમુહગાન કરવામાં આવ્યું. સંસ્થાના પ્રમુખ ડૉ. કનુભાઈ, સેક્રેટરી શ્રી નિખિલભાઈ શાહ તેમજ એકેડેમિક ઈન્ચાર્જ ડૉ. મહેન્દ્રભાઈ બુરડ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ભાષાઓમાં દેશભકિત તથા રાષ્ટ્રના વિવિધ પ્રશ્નોના ઉકેલમાં યુવનનો ફાળો વિશે ખુબ જ સુંદર વિચારો રજૂ કરવામાં આવ્યા. દેશભકિત ગીતોથી સમગ્ર વાતાવરણ ઉત્સાહપૂર્ણ બન્યું હતું. પ્રથમવર્ષ બી.એચ.એમ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કર્યાબાદ, સર્વને મીઠાઈ ખવડાવી કાર્યક્રમને વિરામ અપાયો. કાર્યક્રમનું સંચાલન કુમારી ઈવેજંલી ગામીતે કર્યું કાર્યક્રમ સાંસ્કૃતિક સમિતિના ડૉ. જૈને એકેડેમિક ઈન્ચાર્જ ડૉ. મહેન્દ્રભાઈ બુરડના માર્ગદર્શન હેઠળ કુશળ રીતે પાર પાડયો હતો.

સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ્. કોલેજ, અંકલેશ્વરમાં ગણેશોત્સવની ઉજવણી પ્રસંગે પરમ પૂજ્ય ગુરૂવર્ય ગુરૂજી સ્વામી નારાયણસ્વરૂપ દાસજી, મેનેજીંગ ટ્રસ્ટી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ આનંદમય ઉલ્લાસના પ્રસંગે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. ગણેશજીના શ્લોક, આરતી અને થાળ દ્વારા સમગ્ર વાતાવરણ ભકિતથી ઓતપ્રોત બન્યું હતું. આચાર્યશ્રી, અધ્યાપકો અને તાલીમાર્થીઓએ ગણેશજીની સેવા તેમજ પૂજા આરાધના કરી હતી. ત્યારબાદ ગરબા-રાસની રમઝટ અને ગણપતિ બપ્પા મોરયાના નાદ તેમજ અબીલ-ગુલાલ સાથે વાજતે-ગાજતે ગણેશજીને આવતા વર્ષે જલ્દી આવજો કહી ઉત્સાહભેર કરવામાં આવ્યુ હતું. તથા સ્વયં શિક્ષણ દિનની ઉજવણી અંતર્ગત આચાર્ય તરીકે પ્રજાપતિ નિકીબેને જવાબદારી બજાવી હતી. વિવિધ વિષયોનું અધ્યાપન વહીવટીય કાર્ય તથા ગ્રંથપાલનું કાર્ય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુ હતું. તથા પ્રતિભાવો આવ્યા હતા. પ્રિ. ડૉ. કૌશલભાઈ પારેખે શિક્ષણના ઉમદા વ્યવસાયમાં જોડાવા બદલ સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આજના દિવસે અધ્યાપન કાર્ય કરાવનાર અધ્યાપકોમાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે પટેલ સ્વાતિબેન અને રતનપરા ચિરાગ જાહેર કરવામાં આવ્યા હતા.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા.૫/૯/૧૪ના રોજ શિક્ષક દિનની ઉજવણી થઈ. સર્વધર્મ પ્રાર્થના, ભજન, સુવિચાર, ગુજરાત કવીઝ જેવી ભાવસભર પ્રવૃતિઓ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજના પૂર્વ અધ્યાપકો ડૉ. પ્રવિણચંદ્ર ગીલીટવાલા તથા ડૉ. નલીનબેન ત્રિવેદી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. તાલીમાર્થીઓ પૈકી જકકન મિતાલીબેને "ડૉ.રાધાકૃષ્ણની જીવન ઝરમર" ઉપર, મકવાણા ચેતનાબેને "એક શિક્ષક થવું ગમે" વિષયક કાવ્ય પઠન, ઠાકોર કમિનીબેને "શિક્ષકનું મહત્વ" વિષય ઉપર, ટંડેલ ટીલુબેને "શિક્ષણ પ્રવૃતિ" વિષયક કાવ્યપઠન તથા ટંડેલ તેજસભાઈએ "પ્રાચીન-અર્વાચીન શિક્ષણ વચ્ચેનો ભેદ" ઉપર, પટેલ દિપકભાઈએ "આધુનિક શિક્ષણ" વિષયક કાવ્ય પઠન/પોતાના વિચારો રજુ કર્યા હતા. અધ્યાપકો પૈકી ડૉ. કિશોરભાઈ નાયક, ડૉ. મનસુખભાઈ પટેલ અને ડૉ. વિનયભાઈ પટેલે પ્રસંગોચિત રજુઆત કરી હતી. આચાર્યશ્રી ડૉ.કિશોરભાઈ નાયકે મહેમાનોનું અભિવાદન કરી શિક્ષકદિનની ઐતિહાસિક અને ભાવનાત્મક ભુમિકા સ્પષ્ટ કરી હતી તથા સહુને આજના વિશેષ દિવસે શુભેચ્છાઓ પાઠવી હતી.ત્યારબાદ તારીખ ૧ થી ૪ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃતિઓમાં તેજસ્વી દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું અંતે ઉપસ્થિત બંને મહેમાનોએ શિક્ષકના ઉત્તરદાયિત્વ અંગે

સુંદર પ્રવચન આપી સહુને કાર્યક્રમની આભારવિધિ પ્રા. ડૉ. ગાયત્રીબેને કરી હતી.

શ્રી વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ સુરત, દ્વરા ગાંધી જ્યંતીની ઉજવણી પ્રંસગે સૌ પ્રથમ કોલેજ પરિવારે ચોક બજાર-સુરતમાં આવેલ મહાત્મા ગાંધીની પ્રતિભાને સૂતરની આંટી પહેરાવી શ્રધ્ધાંજલી આપી. ત્યારબાદ વિદ્યાકુંજ સંકુલ સ્થિત સંકુલ ડાયરેકટર શ્રી મહેશ પટેલ પ્રાર્થના સભામાં જોડાયા. ત્યાં સ્વચ્છતા માટેની પ્રતિજ્ઞા લઈ જાહેર માર્ગો અને આજુ બાજુની સોસાયટીઓની સફાઈ કરી તાલીમાર્થીઓ, અધ્યાપકશ્રીઓ તતા આચાર્યશ્રી સ્વચ્છતા અંગે ધ્યાન દોરી લોકોને જાગૃત કર્યા હતા.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મોટાપોઢામાં ઈન્ચાર્જ આચાર્યશ્રી આર.એલ.પટેલના અધ્યક્ષપદે વીર કવિ નર્મદની જન્મજયંતીની ઉત્સાભેર ઉજવણી કરવામાં આવી. કુ. સરસ્વતીએ નર્મદના કાવ્યની, કુ. ભુવનેશ્વીરીએ નર્મદનો જીવન પરિચય, કુ. પ્રિયંકાએ નિબંધકાર તરીકે નર્મદ, કુ.નેહા નર્મદની આત્મકથા "મારી હકીકત" , કુ.સેજલે "ડાંડિયો" અને કુ. પ્રીતિ પટેલે "જય જય ગરવી ગુજરાત" વિષય પર સુંદર વિચાર રજુ કરી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપનાર ગુજરાતી વિભાગના ડૉ. આશા ગોહિલે પણ વિદ્યાર્થીઓને પ્રેરક પ્રવચન આપી સુંદર માહિતી સરળ ભાષાશૈલીમાં આપી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીસભાના ઉપપ્રમુખ ડૉ. એસ.યુ.પટેલ તથા ખૂબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો હાજર રહયા હતા. કાર્યક્રમનું સંચાલન ચર્ચાસભા અને જ્ઞાનધારા સમિતિના ચેરમેન પ્રા.એચ.જે.પટેલ કર્યું હતું. આભારવિધિ સમિતિના ઉપાધ્યક્ષ પ્રા.એ.જે. ઠાકોરે કર્યું હતું.

## સેમિનાર

બી.જે.પટેલ બી. એડ.કોલેજ, બારડોલી અને કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન, ગુજરાત ચેપ્ટરના સંયુકત ઉપક્રમે એક દિવસીય સેમિનાર તા. ૧૬મી સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ યોજાવામાં આવ્યો હતો. "સતત સર્વગ્રાહી મૂલ્યાંકન" વિષયને કેન્દ્રમાં રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ બી. એડ્. અને એમ.એમ.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ માટે એક દિવસીય સેમિંનારનું આયોજન બી.એડ.કોલેજના આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું. સૌ આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા. ઉદ્ઘાટન સમારંભમાં એજ્યુકેશન ફેકલ્ટીના ડીન શ્રી ડૉ. પ્રફુલસિંહ રાજ, સિન્ડીકેટ સભ્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલ તથા સંસ્થાના ઉપપ્રમુખથી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું કાર્યક્રમના ઉદ્ઘાટક અને પ્રમુખશ્રી ડૉ. રમેશચંદ્ર કોઠારીએ અધ્યક્ષીય પ્રવચન રજૂ કરતા જણાવ્યું હતું કે શિક્ષણમાં સતત પરિવર્તનો આવતા રહે છે તે જોતા શિક્ષકે સજ્જ થવાની જરૂર છે. આ પ્રસંગે ભારત એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ પણ ઉપસ્થિત રહયા હતા. ઉદ્ઘાટન બાદ તજજ્ઞ વકતા તરીકે ડૉ. રમેશચંદ્ર કોઠારી, ડૉ. જીજ્ઞેશભાઈ પટેલ તથા ડૉ. પ્રેરણાબેન શેલતે એલ.સી.ડી. પ્રોજેકટર દ્વારા ત્રણ સેશનમાં ખૂબ અસરકારક વકતવ્યો રજૂ કર્યા હતા. તેમણે સાથે સાથે વિવિધ પ્રવૃતિઓ વૈવિધ્યસભર રીતે કરાવી હતી. અંતે ભાગ લીધેલ તમામ પ્રશિક્ષણર્થીઓને સર્ટીફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા.

જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીમાં તા. ૨/૮/૧૪ના રોજ સિવિલ સર્વિસીસ પરીક્ષા માટેનો તાલીમ વર્ગ યોજાઈ ગયો. જેમાં તેથી પ્રવેશ પરીક્ષા આયોજીત કરી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ હતી. ગુજરાતમાં સરકારશ્રી દ્વારા સંચાલિત સંસ્થા "સ્પીપા" બાદ પ્રથમ વખત કોઈ સંસ્થા દ્વારા સિવિલ સર્વિસીસ પરીક્ષા માટેના વર્ગોમાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવેલ છે. પ્રિ.ડૉ.કે.એન. ચાવડા, શ્રી નરેશભાઈ વાવડિયા, પીએસ.આઈશ્રી, અને શ્રી ભરતભાઈ ઈટાલીયા, મામલતદારશ્રી દ્વારા આ ઉમદા હેતુ માટે સમય ફાળવીને ઓ પરીક્ષાની તૈયારી અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન કેરીયર ગાઈડન્સ કલબના ઈન્ચાર્જ પ્રા. ડૉ. સેજલબેન દેસાઈ અને તેની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

વીર નર્મદ દક્ષિણ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં દામિની સંસ્થા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ સુરત મ્યુન્સિપલ કોર્પોરેશનના સંયુકત ઉપક્રમે "વિમેન એમ્પાવરમેન્ટ એન્ડ સેલ ગર્લ ચાઈલ્ડ" વિષય પર ફેમિકોન-૨૦૧૪ કોન્ફરન્સ યોજાયેલ હતી. જેમાં ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના બે અધ્યાપિકા તેમજ વિદ્યાર્થિનીઓએ સ્ત્રી સશકતીકરણ તેમજ જીવન ઉપયોગી માહિતી મેળવી હતી.



શ્રી મણિલાલ કડકીયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ, અંકલેશ્વર ખાતે પાનોલી સ્થિત કેમિનોવા લિમિટેડના સિનિયર જનલર મેનેજર શ્રી કમલ નાયક દ્વારા સીએસઆર અંતર્ગત આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવનાર સકસેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટના પ્રેસિડેન્ટ શ્રી ખુરશીદ પન્થકી ના "સકસેસ સિક્રેટસ" વિષય પરત્વે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ શ્રી પંથકી દ્વારા સફળ કારકીર્દી માટેના છૂપાયેલા રહયો, નિષ્ફળતામાંથી સફળતા તરફના પ્રયાસોના વિવિધ સુવર્ણ માર્ગો, સ્વયં શિસ્ત તથા સ્વયં નિયમન અને આત્મવિશ્વાસનું મહત્વ જેવા પ્રવર્તમાન સમ્યમાં સમગ્ર વિદ્યાર્થીઓને પ્રેરક જ્ઞાનસભર માહિતી વિશે વાકેફ કર્યા હતા. આચાર્ય ડૉ. બી.કે. ભટ્ટે પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. શ્રી કમલ નાયકનું પુષ્પગુચ્છથી સ્વાગત પ્રો. રોનક મહેતાએ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.બી.એની વિદ્યાર્થીની કુ. તન્વીરા શેખે કર્યુ જ્યારે આભારવિધિ કુ. શબનમ શેખે કરેલ. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે પ્રો. મફત અહેમદ તથા પ્રા. રિધ્ધિ ભાવસાર સક્રિય હતા.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે તા.૨૩/૮/૧૪ના રોજ કારકિર્દી ઘડતર અંગેનો સેમિનારમાં પ્રથમ વકતા તરીકે સી.એમ.આઈ, વલસાડનાં ફેકલ્ટી શ્રી કુશલ ચાવડાએ વિવિધ સ્પર્ધાત્મક વિશદ્ માહિતી આપી હતી બીજા સેશનમાં સી.એમ.આઈ નાં બીજા ફેકલ્ટી કુ. રાધા યાદવે સ્પર્ધાત્મક પરીક્ષામાં રીઝનીંગનું મહત્વ સમજાવ્યું હતું. ત્રીજા સેશનમાં સી.એમ.આઈનાં ડિરેકટર શ્રી દિપેશભાઈ શાહે તેમની લાક્ષણિક અદામાં સ્પર્ધાત્મક પીરીક્ષામાં ગણિત અને અંગ્રેજી વિષયની જાણકારી આપવામાં આવી હતી. સેમીનારની પૂર્ણાહૂર્તિ કોલેજનાં પાવરહાઉસ એવા આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયકે વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી બનાવવાનાં આર્શીવાદ આપી કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. એમ.એ. મુલ્લા અને પ્રા. રશ્મીબેન આર.પટેલે કર્યું હતું.

## વ્યાખ્યાન

સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન મહિલા બી.એડ.કોલેજ, ભરૂચમાં મૂલ્ય શિક્ષણ અંતર્ગત 'સત્યમ અધ્યયન વર્ગ'ના આયોજન પ્રસંગે પરમ પ્રમાણ દર્શનાલય, વલસાડના પ.પૂ. સ્વામિની સત્પ્રિયાનંદ સરસ્વતીજીનું વ્યાખ્યાન તા. ૧૩/૯/૧૪ના રોજ યોજાઈ ગયું. જેમાં તેમણે સન્યાસ, અહંકાર, મુલ્ય વિષે ચર્ચા કરી હતી. આભારવિધિ તાલિમાર્થીની રુચિકાએ કરી હતી. તા. ૨૬/૭/૧૪ના રોજ વી.ટી.ચોકસી સાર્વજનિક કોલજ, સુરતના પ્રિ. ડૉ. વિનોદભાઈ જી. પટેલનું "ભારતીય વિચારધારાની શિક્ષણ પ્રક્રિયા પર અસર' પર વ્યાખ્યાન યોજાઈ ગયું. વકતાશ્રીનું શાબ્દિક સ્વાગત તથા પરિચય પ્રા. નિલેશભાઈ ઉપાધ્યાયે કર્યું. તાલીમાર્થી રીમ્પલબેન પટેલે આભારવિધિ કરી હતી. તા. ૩૦/૮/૧૪ના રોજ બોર્ડ ઓફ સ્ટડીઝ, એજ્યુકેશનલ ઈવેલ્યુસન એન્ડ ઈન્નોવેટીવ પ્રેકટિસ ઈન એજ્યુકેશનના ચેરમેનશ્રી ડૉ. અશ્વિનીબેન કાપડિયાનું "ક્રિયાત્મક સંશોધન" વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. વકતાશ્રીઓ શાબ્દિક સ્વાગત તથા પરિચય પ્રા. જીતેન્દ્રભાઈ ભીમડાએ આપ્યો હતો. આભારદર્શન તાલીમાર્થી ઉર્વિશાબેન ઉપાધ્યાય અને કાર્યક્રમનું સંચાલન રાજ હેતલબેને કર્યું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલંય, બીલીમોરામાં તા. ૧૦/૯/૧૪ના રોજ નવસારી જીલ્લાના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા "ભ્રષ્ટાચાર" વિષય પર પ્રવચન યોજાયું હતું. આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે કાર્યક્રમ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે સમાજમાં અલગ અલગ પ્રકારના માણસો રહે છે. અને સમાજને તંદુરસ્ત રાખવાનું કામ ઘણી એજન્સીઓને સોંપાયેલ છે. તેમાની એક એજન્સી એટલે લાંચ રૂશ્વત વિરોધ બ્યુરો. અધ્યાપક ડૉ. મનસુખભાઈએ પધારેલ મહેમાન અને મુખ્ય વકતા, લાંચ રૂશ્વત બ્યુરોના ઈન્સ્પેકટરશ્રી પાટીલનું સ્વાગત કરીને તેમનો પરિચય આપ્યો હતો. શ્રી પાટીલે તેમના પ્રવચનમાં લાંચ રૂશ્વત બ્યુરો એટલે શું ? તેમની કામગીરી કઈ છે ? તે કેવી રીતે કામ કરે છે ? અને વળી ભ્રષ્ટાચાર નાબુદીમાં જાગૃત નાગરિક શું કરી શકે ? વગેરે વિશે વિસ્તૃત માહિતી વિવિધ પ્રસંગો અને ઉદાહરણ દ્વારા આપી હતી. અંતમાં તાલીમાર્થીઓ દ્વારા પ્રશ્નોતરી થઈ હતી. કાર્યક્રમની આભારવિધિ અધ્યાપક ડૉ. મનસુખભાઈએ કરી હતી.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્), સુરતમાં તા.૫/૯/૧૪ના રોજ શિક્ષણ વિભાગ (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી)ના પ્રોફે. ડૉ. દિપિકા શાહનું શિક્ષણ વિષય પર વ્યાખ્યાન આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. નિકિતા પટેલ અને આભારવિધિ ડૉ.અનિલ સિંહે કરી હતી.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૭/૯/૧૪ને રોજ વી.ટી.ચોકસી બી.એડ્. કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ જી. પટેલે 'વ્યવહારવાદ' વિષય પરના વકતવ્યમાં વિષયને કેન્દ્રમાં રાખી ચર્ચા કરી હતી. આભાર વિધિ ઈ.ચા.આચાર્યશ્રી કમલેશભાઈ ડામોરે કરી હતી.

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજમાં તા. ૧૧/૯/૧૩નાં રોજ સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ. પ્રદિપભાઈ પટેલનું વકતવ્ય રાખવામાં આવ્યું હતું. જેમાં તેમણે વિદ્યાર્થીનીઓ ઉપયોગી માહિત પુરી પાડી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ વ્યાખ્યાન માળા અંતર્ગત ચાલુ વર્ષના પ્રથમ સત્રમાં શ્રી મોરાજીભાઈ દેસાઈ આર્ટસ કોલેજ, બુહારીના પ્રિ. ડૉ. જયંતિભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓ માટે જીવનલક્ષી પ્રેરણાઓ વિષય ઉપર પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વિદ્યાર્થીઓને વિદ્વાન વક્તાઓ દ્વારા વૈવિધ્યસભર વિષયો લઈને યોજાતા વ્યાખ્યાનોનો લાભ લેવા આહ્‌વાન કરી આ બાબતો આપના માટે વ્યકિતત્વ વિકાસ માટે અનુકુળ નીવડશે એમ જણાવ્યું હતું. વક્તવ્ય દરમિયાન પ્રિ.ડો.ચૌધરીએ ધીરુભાઈ અંબાણી, શ્રી કરસનભાઈ પટેલ, તેમજ અનેક ઉધોગ સાહસિકોએ સેવેલ સ્વપ્ન દ્વારા મેળવેલ સફળતાના ઉદાહરણો રજૂ કરી વિષયને સમૃધ્ધ રીતે રજૂ કર્યો હતો. પ્રારંભે પ્રિ. ડૉ. નાયકે પુસ્તકપુષ્પથી સ્વાગત કરી પ્રિ. ડૉ. ચૌધરીને આવકાર્યા હતા. પ્રા. મુકેશ ચૌહાણે મહેમાનશ્રીઓનો પરિચય તથા પ્રા.કે.સી.પટેલે આભારવિધિ આટોપી હતી.

સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા તથા હમાઈ યુનીટ વ્યારાના સયુંકત ઉપક્રમે શૈક્ષણિક સેમિનારમાં ડૉ. રીશી વ્યાસ (અધર સૉંગ એકેડેમી મુંબઈ)નું "Cases of well known Polycrest remedies with understanding of how to study Materia Medica & remedy differentiation" વિષય પર વ્યાખ્યાન આપતાં વકતાશ્રી દ્વારા વિવિધ કેસો દર્શાવવામાં આવ્યા તેમજ દર્દીને સમજવામાં માટે હોમિયોપેથીક વિજ્ઞાનના જ્ઞાનને કેવી રીતે સાંકળવું તે અંગે પૂરતી સમજ આપવામાં આવી હતી ત્યારબાદ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યુ હતું. કુમારી ઈવેન્જલી ગામીત દ્વારા સભાસંચાલન તથા ડૉ.હીમા પંડયા દ્વારા આભારવિધી કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન ડૉ. હીમા પંડયા દ્વારા ડૉ. સ્વપનીલ પરદેશી તથા શૂચી શાહના સહયોગથી ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન દ્વારા કરવામાં આવ્યું હતું.

## આરોગ્ય

સ્વ. જગદીશભાઈ કાચવાલાની દ્વિતીય પૂણ્યતિથી નિમિત્તે સી. એન. કોઠારી હામિયોપથીક મેડિકલ કોલેજ અને રિર્સચ સેન્ટર, કાળીદાસ હોસ્પિટલ વ્યારા અને છેટાલાલ વિરચંદ સોલંકી પેરીફરલ ડીસ્પેન્સરીઝ દ્વારા વિશાલાડ સમાજની વાડી સુરતી બજાર, વ્યારા ખાતે સ્ત્રીરોગ નિદાન અને સારવાર કેમ્પ તથા આંગણવાડીનું મકાન દાદરી ફળીયું વ્યારા ખાતે વિના મૂલ્યે હોમિયોપેથીક નિદાન અને સારવાર કેમ્પ તા. ૨૦/૯/૧૪ના રોજ યોજવામાં આવ્યા. જેનું ઉદ્‌ઘાટન રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ વિભાગ ગુજરાત રાજ્યના મંત્રીઓ માન. શ્રી કાંતિભાઈ ગામીતના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ. કનુભાઈ દેસાઈ અને મંત્રીઓ શ્રી રાકેશભાઈ કાચવાલા તથા શ્રી નિખિલભાઈ શાહ અને ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. ઉદ્‌ઘાટકશ્રીએ આયોજકોની સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. અને સરકારના તેમના વિભાગ તરફથી જરૂરી યોગદન મળે તેવો સહકાર આપવાની ખાત્રી આપી હતી. આ કેમ્પમાં સ્ત્રીરોગના નિષ્ણાન ડૉ. નિતેશભાઈ પારેખે તથા હોમિયોપેથીકના નિષ્ણાત ડૉ. મહાવીર ઘીયાએ સેવા આપી હતી. આ કેમ્પનું આયોજન પ્રિ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ ડૉ. મીનાબેન કાલરા તથા હોસ્પિટલ ઈન્ચાર્જ ડૉ. પિયુસ ગુજરાથી તથા કેમ્પસ એડમીનીસ્ટ્રેટર શ્રી દક્ષેશભાઈ શાહ, શ્રી શૈલેષભાઈ દેસાઈ વગેરેએ સફળતાપૂર્વક કર્યું હતું. આ કેમ્પમાં પેરામેડીકલ સ્ટાફ, ઈર્ન્ટની વિદ્યાર્થીઓ અને કોલેજના તૃતિય અને ચતુર્થ વર્ષના વિદ્યાર્થીઓએ રસપૂર્વક કામગીરી કરી હતી.

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત "ઉધના સિટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસપીબી કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યુટર એપલીકેશન એન્ડ ઈનફોર્મેશન ટેકનોલોજી" નાં ઉપક્રમે અને સુરત રકતદાન કેન્દ્ર સુરતનાં સહકારથી અગીયારમાં રકતદાન શિબિરનું આયોજન તા. ૨૩/૯/૧૪ના રોજ કરવામાં આવ્યું હતું. આ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ટ્રસ્ટના મંત્રીશ્રી ભાણજીભાઈ પટેલે હાજરી આપી

વિદ્યાર્થીઓને રક્તદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ શિબિરમાં વિદ્યાર્થી ભાઈ -બહેનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ કેમ્પમાં ૧૧૩ જેટલા યુનિટ રક્તનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈનાં માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર્સ શ્રી તેજસ આર. ઘડિયાળી તથા શ્રી પરીક્ષિત. કે. ઈચ્છપોરિયાએ કર્યું હતું.

આ સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર સંચાલિત છોટાલાલ વિરચંદ સોલંકી પેરીફરલ ડીસ્પેન્સરી અને કાળીદાસ હોસ્પિટલ વ્યારા દ્વારા દૂધ મંડળીનું મકાન કાટીસકુવા ખાતે વિના મૂલ્યે હોમિયોપેથીક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન તા.૨૫/૮/૧૪ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જરૂરીયાતમંદ ગરીબ અને દર્દીઓને હોમિયોપેથીકના નિષ્ણાત ડૉ. મહાવીર ઘીયાએ વિનામુલ્યે તપાસી અને મફત હોમિયોપેથી દવા આપી હતી. ઈર્ન્ટની વિદ્યાર્થીઓએ સુંદર કામગીરી બજાવી હતી. આ કેમ્પનું આયોજન આચાર્ય ડૉ. જયોતિ રાવના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલ ઈન્ચાર્જ ડૉ. પિયુશ ગુજરાતી અને શ્રી શૈલેષભાઈ દેસાઈ તથા કેમ્પસ એટમિનીસ્ટ્રેટર શ્રી દક્ષેશભાઈ શાહે કર્યું હતું. દૂધમંડળીના પ્રમુખશ્રી સુખાભાઈ ગામીત તથા મંત્રીશ્રી જેસીંગભાઈ ગામીતે સક્રિય સહકાર આપ્યો હતો.

## શિબિર




ઉધના કોલેજમાં વિદ્યાર્થીનીઓ માટે ગુજરાત રાજ્ય દ્વારા પ્રેરિત સુરક્ષા સેતુ સોયાટી, ઉધના પોલીસ સ્ટેશન, રામ ગૃપ ઓફ માર્શલ આર્ટ, તથા કોલેજનાં વિમેન્સ સેલના નેજા હેઠળ સ્વરક્ષણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૧૮ દિવસના શિબિરમાં બે બેચમાં ૭૫ જેટલી વિદ્યાર્થીનીઓએ તાલીમ પ્રાપ્ત કરી હતી. આ શિબિરનાં અંતે તાલીમાર્થીઓને ઉધના પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી શેખના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ તાલીમ શિબિરને આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ સાચા અર્થમાં સ્ત્રી સશકિતકરણનું જીવત ઉદાહરણ ગણાવ્યું હતું. સમગ્ર શિબિરમાં સંસ્થાઓ વચ્ચેનું સંકલન વિમેન્સ સેલનાં ઉપાધ્યક્ષા પ્રા. ત્વિષા પરમારે કર્યુ હતું

## જ્ઞાન સપ્તાહ

જ્ઞા રાજ્ય સરકારના નિર્દેશ હેઠળ તા. ૧ સપ્ટમ્બર સુધી નવયુગ આટર્સ કોલેજ, સુરતમાં 'જ્ઞાનધારા' અંતર્ગત વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧/૯/૧૪ના રોજ સ્વચ્છતા અભિયાન, તા. ૨/૯/૧૪ના રોજ બીજા તાસમાં દરેક વર્ગખંડમાં સમૂહવાચનનો એક કલાક ફાળવવામાં આવ્યો હતો. તા. ૩/૯/૧૪ના રોજ 'જ્ઞાન સપ્તાહ' અંતર્ગત ચેસ અને કેરમ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. તા. ૫/૯/૧૪ના રોજ 'જ્ઞાનસપ્તાહ' અંતર્ગત સ્વયં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષક બની શિક્ષણકાર્ય કરાવ્યું હતું. આચાર્યા તરીકેની ભૂમિકા વિદ્યાર્થીની સુથાર અંજના સી.એ નિભાવી હતી. આચાર્યા શ્રી ડૉ. જ્યોતિબેન નાયકે 'શિક્ષકદિન' આઝાદ હિન્દના ધર્મપ્રેમી તત્વચિંતનમાં વિદ્વાન એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસને ભારત દેશ 'શિક્ષકદિન' તરીકે ઉજવે છે તેની માહિતી વિદ્યાર્થીઓને આપી, શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. તા. ૧૧/૮/૧૪ના રોજ 'ગીતસંગીત-નૃત્યધારા' અંતર્ગત લોકગીત, લગ્નગીત, ગુજરાતી ગીતો, સ્વરચિતગીત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૨/૮/૧૪થી એક સપ્તાહ સુધી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી જેવી કે, સર્જનાત્મક અભિવ્યકિતધારા અંતર્ગત વાર્તાલેખન નિબંધ, વકતૃત્વ પાદપૂર્તિ, કાવ્યપઠન અને 'કલાકૌશલધારા' અંતર્ગત વેસ્ટમાંથી બેસ્ટ 'જ્ઞાનધારા' અંતર્ગત પુસ્તક પરિચય 'સામુદાયિક સેવાધારા' અંતર્ગત દેશભકિત ગીતનું આયોજન કરવામાં આવ્યું હતું. 'યોગ-ખેલકૂદધારા' અંતર્ગત યોગ, પ્રાણાયમ, યોગાસન અને વિસરાતી જતી રમતોનું આયોજન થયું હતું. 'ગીત-સંગીતધારા' અંતર્ગત ગરબા-ડેનું આયોજન પણ થયું હતું. અંતે 'નાટયધારા' અંતર્ગત 'સ્ત્રીસશકિતકરણ' ના ઉપક્રમે કિવન ફિલ્મ બતાવવામં આવી હતી. તા. ૨૩/૮/૧૪ના રોજ 'સામુદાયકિ સેવાધારા ' અંતર્ગત ન્યુસિવિલ હોસ્પિટલ, સુરતનાં બ્લડ બેંક દ્વારા 'રકતદાન' કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

શા શાહ. એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે 'જ્ઞાન સપ્તાહ' હેઠળ 'વ્યકિતત્વ વિકાસમાં શિક્ષકો ફાળો' વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુ. પ્રિયંકા યાદવ પ્રથમ ક્રમે, કુ. પિનલ સંઘવી તથા કુ. મનિષા જૈન દ્વિતીય ક્રમે તથા કુ. દિપીકા પોહરે અને કુ. વદના કનોજીયા તૃતીય ક્રમે વિજેતા થયા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રી વિતાન વોરા અને કુ. કલ્યાણીએ સેવા આપી હતી.

શા બી. કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ ખાતે જ્ઞાનસપ્તાહ ઉજવણી પ્રસંગે પ્રથમ દિવસે કોલેજ પરિવારે સફાઈ કરી હતી. સપ્તાહ દરમ્યાન નિબંધસ્પર્ધા, ગુજરાતકવીઝ, વાંચનસ્પર્ધા, સમૂહવાંચન, ચેસસ્પર્ધા, કાવ્યપઠનસ્પર્ધા, યોજાઈ હતી. સપ્તાહ દરમ્યાન વિદ્યાર્થીઓએ દરેક વર્ગમાં સ્વશિક્ષણનું કાર્ય કર્યુ હતું. પાંચમી સ્ટેમ્બરના દિવસે ગુરુવંદનાનો કાર્યક્રમ ઉજવાયો હતો. જેમાં પૂર્વ આચાર્યશ્રી એન.એ.પંડયા તથા ડૉ.આર.એમ.પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ.વિકાસ એ. દેસાઈએ ગુરુવંદનાનું મહત્વ સમજાવ્યું હતું. સ્પ્તાહ દરમ્યાનના કાર્યક્રમ તથા સ્પર્ધાનું આયોજન ડૉ.ટી.જી.ગોહિલ, પ્રો.એ.જે.ગોયેલ, ડૉ. જે.એમ. દેસાઈએ દ્વારા કરવામાં આવ્યું.

## સમારંભ

સ ઍમિટી બી.એડ્. કોલેજ, ભરૂચમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫નાં પ્રથમ સત્રનો શુભેચ્છા સમારંભ યોજાયો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ભરૂચની પ્રાર્થના વિદ્યાલયના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. જીગ્નેશભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. તેમણે પ્રશિક્ષણાર્થીઓને શિક્ષક એક આદર્શ વર્ગ વ્યવસ્થાપક બની શકે તે માટે અને શિક્ષકે જ્ઞાનના સાગર બનવાનું છે... લેખ આપ્યા હતાં. સામાન્યમંત્રી તુષાર દવે અને સહમંત્રી મોનલ પટેલે તેમના અનુભવો વ્યકત કર્યા હતા. વધુમાં પ્રશિક્ષણાર્થીઓને ગાંધીજીનું પ્રિય અદ્ભુત ભજન "વૈષ્ણવજન તો તેને કહીએ..." જેમાં કહેલા મૂલ્યોનું વિશ્લેષણ કરતું પુસ્તક જેનું સંકલન અને લેખન હરેશ ધોળકિયા દ્વારા થયેલ છે જે ભેટ સ્વરૂપે આપી શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રશિક્ષણાર્થી ખ્યાતિ પટેલ, મહેમાન પરિચય પ્રા. પારૂલ પટેલ, મહેમાનનું સ્વાગત ઈન્ચાર્જ પ્રાચાર્ય કલ્પેશ પટેલ, સ્વાગત પ્રવચન નિયામક શ્રી પ્રકાશ મહેતા અને પ્રશિક્ષણાર્થી રેખા સોનીએ આભાર પ્રગટ કર્યો હતો.

## એન.એસ.એસ.

બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ ખાતે એન.એન.એસ. દ્વારા તા.૧૯/૯/૧૪ ના રોજ રકતદાન શિબિર યોજવામાં આવ્યો હતો. આચાર્યશ્રી વિકાસ દેસાઈએ પ્રાસંગિક ઉદબોધન કરી શિબિરની શરૂઆત કરી હતી. પરીક્ષાના માહોલમાં પણ વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ ૫૩ બોટલોનું રકતદાન કરી માનવતાનું ઉદાહરણ પૂરૂ પાડયું, જે સરાહનીય છે. અધ્યક્ષશ્રીઓએ ખૂબજ પ્રસંશા કરી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો તથા કોલેજ પરિવાના સભ્યોને પ્રોત્સાહિત કરી, અભિનંદન આપ્યા હતા. આ રકતદાન કેમ્પને સફળ બનાવવા પ્રોગ્રામ ઓફીસર ૧). શ્રી રાજુભાઈ આર. સોલંકી ૨). શ્રી પ્રફૂલભાઈ એચ. મિસ્ત્રી ૩). ડૉ. માધવી જે. દેસાઈ ૪). શ્રી દિપકભાઈ આર. પટેલે ખૂબ જ મહેનત કરી હતી.

ગુજરાત સરકાર, રાજ્ય એન.એસ.એસ. સેલ, ઉચ્ચશિક્ષણ વિભાગના રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર ૨૦૧૩-૧૪નાો શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફીસર પુરસ્કાર એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના પ્રો. કીરણકુમાર સી. પટેલ (એન.એસ.એસ પ્રોગ્રામ ઓફીસર)ને તા. ૨૪/૯/૧૪ના રોજ એનાયત કરવામાં આવ્યો છે. અભિનંદન

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧/૯/૧૪ના રોજ આચાર્યશ્રી ડૉ. જે.એમ.નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા 'એન.એસ.એસ. ઓરિયેન્ટેશન કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રીએ પ્રથમ સ્ટેશનના વકતા યુનિવર્સિટી એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર ડૉ. એન.એસ.માલવિયાને પુસ્તકપુષ્પથી આવકાર્યા હતા અને ત્યારબાદ ડૉ. માલવિયાજીએ ઉપસ્થિત સ્વયંસેવકોને એન.એસ.એસ.ની સ્થાપના, હેતુઓ તથા એન.એસ.એસ.થી થતા ફાયદાઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. બીજા સ્ટેશનના વકતા ડૉ. આઈ.કે.અનસારીનું પુસ્તકપુષ્પથી સ્વાગત પ્રા.વી.આર.ચાંપાનેરીએ કર્યું હતું. ડૉ. અનસારીજીએ વિદ્યાર્થીઓને સ્વયંસેવકનો અર્થ બતાવી એન.એસ.એસ. દ્વારા થઈ શકે તેવી વિવિધ પ્રવૃતિઓ વિશે માહિતી આપી હતી. પ્રોગ્રામ ઓફિસર ડૉ. દક્ષા ઠાકોરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## પુસ્તક

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં લાયબ્રેરી સમિતિના ઉપ્રમે "અધ્યાપકો દ્વારા પુસ્તક પરિચય કાર્યક્રમ હારમાળા" અંતર્ગત વલસાડની શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. હંસાબેન એ. પરમાર તા.૨૩/૮/૧૪ના રોજ શ્રીમતી ગીતા ઉનડકટ લિખિત પુસ્તક "સ્ત્રીઃ દીકરી - પત્ની- માતા"નો પરિચય કરવામાં આવ્યો હતો.

## વાંચન વિશેષ

**સ્ત્રીબોધ અને સંસારસુધારો**
સર જયોર્જ બર્ડવુડ અને અન્ય
મુંબઈ : ધી સ્ત્રી બોધ ઓફિસ, ૧૯૦૮. પૃ. ૨૨૬. રૂા. ૩૫-૦૦.

શીર્ષક પૃષ્ઠ પરની સુકિત : " કહે નેપોલિયન દેશને કરવા આબાદાન સરસ રિત છે એજ કે ધો માતાને જ્ઞાન." સૂચવે છે કે આ ગ્રંથમાં સ્ત્રીબોધ અને સંસાર સુધારાને લગતા પ્રસિધ્ધ લેખકોના લેખો છે. આ ગ્રંથના લેખકોમાં સાહિત્યમાં જ નહિ, પણ સ્ત્રીકેળવણી તથા સંસારસુધારાની બાબતમાં પણ ભાગ લેનારાંના પ્રતાપી નામો આ ગ્રંથને શોભાવે છે. અંગ્રેજી લેખોમાં સ્ત્રીબોધ (સર જયોર્જ બર્ડઉડ), બાદશાહી કુટુંબની બાનુઓ અને હિંદુસ્તાનની સ્ત્રીઓ (મિસિસ સેરા એ. ટૂલી), શેકસપીઅરની સુંદરીઓ (મિસ મેરી ડાર્ટન), માતૃભાવ (મિસિસ સ્ટીલ), ઘર જેવું મધુર શું ? (લેડી મયુર મેકેનઝી), નેશનલ ઈન્ડિયન એસોસીએશન (લેડી એલ્યટ), બાનુઓની કલબો (લેડી હેમિલ્ટન), સ્ત્રી જરથોસ્તી મંડળ (બાઈ દીનભાઈ પાટક), મહારાણી વિકટોરિયાના જમાનામાં ચિત્રકળામાં સ્ત્રીઓએ બજાવેલો ભાગ (મિસ એની એ. સ્મિઠ), અને ગુજરાતી વિભાગમાં મહારાણી અલેકઝાન્ડ્રા (મિસ શીરીન કે.ન. કાબરાજી), સુધારાની અર્ધી સદી (પે.ખ. તારાપોર), સ્ત્રીઓ માટેનું ખાસ સાહિત્ય (વિદ્યાગૌરી ર. નીલકંઠ), માતા અને તેનું બાળ (અરદેસર ફ. ખબરદાર), સ્ત્રીઓને માથે રહેલી બે જવાબદારી (હિંમતલાલ ગ. ગંજારીઆ), બેબીલોનિયન લેખોની શોધ (પાલનજી બ. દેસાઈ), હિન્દુ વિધવાઓની કરૂણામય હાલત (ધનકોરબાઈ માધવદાસ), નારી જગ સરદાર (ચંદુલાલ મ. દેસાઈ), અસલી ઈરાની બાનુનો સમાજમાં દરજજો (જીવનજી જ. મોદી), એક સંકટપ્રસંગ (ર.મ. નીલકંઠ), ઉંચી કેળવણી લઈ સ્ત્રીઓ શું શું કરી શકે છે ? (જહાંગીર મા. પેન્ટી), ભકિત અને સેવા (શીવપ્રસાદ દ. પંડિત), સંસારસુધારા અને કન્યાકેળવણીને સ્ત્રીબોધની સેવા (દામોદર ગો. સુખડવાળા), જોઈએ છે-એક કોલેજ ઓફ મ્યુઝિક (મિસ ભીખાઈજી લી. પાલમકોટ), સ્ત્રીઓની યોગ્યતા (હરગોવિંદદાસ કાંટાવાળા), દંપતીનું સુખ કેમ સચવાય ? (કિરમઅલી ર. નાનજીઆણી), સ્ત્રીબોધ શરૂઆતથી વાંચનારી એક બાઈનો અનુભવ (જરબાઈ ધ. વાડીઆ), લોર્ડ લિસ્ટર અને તેનું મહાન કર્તવ્ય (શિયાવક્ષ કે. કાબરાજી), સ્ત્રીબોધનો કન્કોત્સવ (ગો.ક. દેલવાડાકર), સ્ત્રીકેળવણી વિષે સંવાદ (વલ્લભદાસ પોપટ શેઠ), દેશી નારીઓ માટે પરોપકારનાં કાર્યો (આલીબાઈ મોદી) સમાવેશ પામે છે. તદપરાંત કરસનદાસ મુળજી, દાદાભાઈ નવરોજજી, શેકસપીઅર રીડિંગ સોસાયટી તરફનું માનપત્ર, લોર્ડ કર્ઝન, અકબરના દરબારમાં જયપોરની રાજકુંવરીની પધરામણી અને અન્ય ચિત્રો આ ગ્રંથમાં ઉપલબ્ધ છે.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : Dr. J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com